કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

# ગુજરાતી લોકસાહિત્યમાં વરસાદના પ્રમાણ, તેની તીવ્રતા અને તેની અસરોને આધારે ૧૨ પ્રકારો વર્ણવવામાં આવ્યા છે,



૧. ફરફર
૨. છાંટા
૩. ફોરા
૪. કરા
૫. પછેડીવા
૬. નેવાધાર
૭. મોલ મેહ
૭. મોલ મેહ
૮. અનરાધાર
૯. મૂશળધાર
૧૦. ઢેફાભાંગ
૧૧. પાણ મેહ
૧૨. હેલી

## જેને ઘણીવાર 'બારે મેઘ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રકારો નીચે મુજબ છે

૧. *ફરફર:* એકદમ હળવો વરસાદ, જેનાથી માત્ર હાથ-પગના રૂંવાડા ભીના થાય.

૨. *છાંટા:* ફરફર કરતા થોડો વધુ વરસાદ, જેનાથી જમીન કે છત ભીની થાય.

૩. *ફોરા:* છાંટા કરતા મોટા ટીપાં વાળો વરસાદ, જે શરીર પર પડે તો અનુભવાય.

૪. *કરા:* ફોરાથી વધુ વરસાદ, પરંતુ સાથે બરફના નાના ટુકડા પડતા હોય.

૫. *પછેડીવા:* એવો વરસાદ જેમાંથી બચવા માટે શરીર પર પછેડી (મોટું કપડું) ઓઢવાથી રક્ષણ મળી રહે.

૬. *નેવાધાર:* વરસાદ એટલો હોય કે ઘરના છાપરા કે નળિયાના નેવા (ધાર) માંથી પાણી વહેવા લાગે.

૭. *મોલ મેહ:* પાક (મોલ) માટે અત્યંત જરૂરી અને ફાયદાકારક વરસાદ.

૮. *અનરાધાર:* સતત વરસતો વરસાદ, જેમાં એક છાંટાની પાછળ બીજો છાંટો જોડાયેલો હોય અને ધાર પડતી હોય.

૯. *મૂશળધાર:* સાંબેલાધાર વરસાદ, જે ખૂબ જ તીવ્ર હોય (મુશળ એટલે સાંબેલું).

૧૦. *ઢેફાભાંગ:* અતિ તીવ્રતા વાળો વરસાદ, જેનાથી ખેતરની માટીના ઢેફા નરમ થઈને ભાંગી જાય.

૧૧. *પાણ મેહ:* ભારે વરસાદ, જેનાથી ખેતરો પાણીથી ભરાઈ જાય અને કૂવા-તળાવ છલકાઈ જાય.

૧૨. *હેલી:* ઉપરના કોઈ પણ પ્રકારનો વરસાદ જ્યારે સતત એક અઠવાડિયા સુધી ચાલુ રહે, તેને 'હેલી' કહેવાય છે.

લોકજીવનમાં જ્યારે ખૂબ જ સારો અને વ્યાપક વરસાદ થાય, ત્યારે તેને *"બારે મેઘ ખાંગા થયા"* એવી કહેવતથી પણ ઓળખવામાં આવે છે.

કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

# અમરેલીમાં મેઘતાંડવ

## સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોનું સ્થળ પર નિરીક્ષણ





પૂર જેવી સ્થિતિમાં વહીવટી તંત્ર'હાઈ એલર્ટ'પર: જાન-માલની સુરક્ષા માટે તંત્રને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી કરવા કડક સૂચના.*અમરેલી:* અમરેલી જિલ્લામાં ઘણા તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ભારેથી અતિભારે વરસાદને કારણે અનેક તાલુકાઓમાં પૂર જેવી ગંભીર સ્થિતિનું નિર્માણ થયું છે. આવી કટોકટીની ઘડીમાં નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જાન-માલની હાનિ નિવારવા માટે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયા અને સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ફિલ્ડમાં ઉતરી યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.સાંસદ ભરતભાઈ સુતરિયાએ અસરગ્રસ્ત વિસ્તારોમાં રૂબરૂ પહોંચીને પરિસ્થિતિનું તાગ મેળવ્યો હતો. તેમણે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે તાત્કાલિક બેઠક યોજીને વરસાદી આફત સામે ત્વરિત પ્રતિસાદ આપવા સૂચના આપી હતી. સાંસદે ખાસ ભાર મૂક્યો હતો કે, નીચાણવાળા વિસ્તારો અને નદી કિનારાના લોકોનું સમયસર સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવે અને તેમને તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેસાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પણ સતત ફિલ્ડમાં રહીને વહીવટી તંત્ર સાથે મળીને જનસેવામાં વ્યસ્ત છે. તેમણે વહીવટી તંત્રને 'હાઈ એલર્ટ' પર રહેવા આદેશ આપ્યા છે. વહીવટી તંત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પોલીસ વિભાગ અને નગરપાલિકા સાથે રહીને બંને જનપ્રતિનિધિઓ ખડેપગે રહી પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટે પ્રયત્નશીલ છે.ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પૂરના પાણીને કારણે નાગરિકો અને ખેડૂતોને નુકસાન ન પહોંચે તે માટે સતત મોનિટરિંગ કરી રહ્યા છે. સાંસદ અને ધારાસભ્યએ સંયુક્ત અપીલ કરી છે કે તમામ નાગરિકો નદી-નાળા કે જોખમી વિસ્તારોથી દૂર રહે અને વહીવટી તંત્રની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરે.



કે.ડી. NEWS
તારીખ : 07/07/2026

# સાવરકુંડલા-લીલીયાના અસરગ્રસ્ત ગામોની ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી



## અધિકારીઓ સાથે સ્થળ પર નિરીક્ષણ કરી અસરગ્રસ્તોની વેદના સાંભળી, તાત્કાલિક રાહત કામગીરી માટે આપ્યા જરૂરી નિર્દેશો



અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવા સાવરકુંડલા વિધાનસભાના મહેશભાઈ કસવાલા અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા.ધારાસભ્યએ સાવરકુંડલા તાલુકાના ભુવા, જુના સાવર, સીમરણ, ખડકાળા, બોરાળા, જીરા તેમજ લીલીયા તાલુકાના આંબા સહિતના અસરગ્રસ્ત ગામોમાં સ્થળ પર જઈ વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે ગ્રામજનો સાથે રૂબરૂ સંવાદ કરી તેમની મુશ્કેલીઓ, થયેલા નુકસાન અને તાત્કાલિક જરૂરીયાતોની વિગતવાર માહિતી મેળવી હતી.

સ્થળ પર જ અધિકારીઓ સાથે ચર્ચા કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી વધુ અસરકારક રીતે હાથ ધરવા, ક્ષતિગ્રસ્ત માર્ગોની ઝડપથી મરામત કરી વાહનવ્યવહાર પુનઃસ્થાપિત કરવા, વીજ પુરવઠો અને પીવાના પાણી જેવી આવશ્યક સેવાઓ વહેલી તકે શરૂ કરવા તેમજ અસરગ્રસ્ત પરિવારો સુધી જરૂરી સહાય સમયસર પહોંચે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.આ તકે જણાવાયું હતું કે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત નાગરિકોને ઝડપથી રાહત અને સહાય મળી રહે તે માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે.

કોઈપણ જરૂરિયાત ઊભી થશે તો તંત્ર તાત્કાલિક પ્રતિસાદ આપશે અને લોકોને જરૂરી તમામ સહયોગ પૂરો પાડવામાં આવશે.આ મુલાકાત દરમિયાન વિવિધ વિભાગોના અધિકારીઓ, પદાધિકારીઓ, વિસ્તારના આગેવાનો, સરપંચો, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના સભ્યો, જાગૃત નાગરિકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 07/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સ્પે. મોનસુન ઓફર

## લેડીઝ પર્સનીવિશાળ રેન્જ તદ્દન નવા સ્ટોકમાં મળશે

- હેન્ડ પર્સ
- સાઈડ પર્સ
- ફેન્સી પર્સ

₹ 150/- થી ચાલુ







ઈમિટેશન તેમજ મેરેજ ચૂડલા માટે અજોડ સ્થળ

# વૈભવ નોવેલ્ટી

19 વિવેકાનંદ માર્કેટ, સાવરકુંડલા મો. 76210 64172

તારીખ : 07/07/2026

# અમરેલી જિલ્લામાં નદી, તળાવ અને જળાશયો પર સેલ્ફી તથા શૂટિંગ પર પ્રતિબંધ,

## અકસ્માત નિવારવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું પ્રસિદ્ધ, 29 ઓગસ્ટ સુધી રહેશે અમલમાં

અમરેલી: વરસાદી મોસમ દરમિયાન જળાશયો અને નદી-તળાવો નજીક અકસ્માતોની સંભાવના અટકાવવા માટે અમરેલી જિલ્લા તંત્ર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ જાહેરનામા મુજબ જિલ્લાના તમામ જળાશયો, સિંચાઈ યોજનાઓ, નદી, તળાવો, પુલ તેમજ નીચાણવાળા વિસ્તારોમાં જોખમી રીતે પ્રવેશ કરવા, ન્હાવા, તટ અથવા પાળી પર જઈને સેલ્ફી લેવા તેમજ કેમેરા કે મોબાઈલ દ્વારા શૂટિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.આ પ્રતિબંધ અમરેલી, લાઠી, બાબરા, બગસરા, વડીયા, સાવરકુંડલા, લીલીયા, ધારી, ખાંભા, રાજુલા અને જાફરાબાદ તાલુકાના તમામ જળાશયો, સિંચાઈ યોજનાઓ, નદી, તળાવો, પુલ તથા નીચાણવાળા વિસ્તારોમાં લાગુ પડશે.જાહેરનામા મુજબ આ આદેશ 29 ઓગસ્ટ સુધી સમગ્ર અમરેલી જિલ્લામાં અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જિલ્લા તંત્રએ નાગરિકોને પોતાની તથા પરિવારની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જાહેરનામાનું ચુસ્ત પાલન કરવા તેમજ વરસાદી મોસમ દરમિયાન જોખમી સ્થળોએ જવાનું ટાળવા અપીલ કરી છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ માનવજીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને દુર્ઘટનાઓને અટકાવવાનો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## પ્રકૃતિની ભેટ અને ગૌસેવાનું પુણ્ય હવે એક સાથે...

## ગૌશાળામાંથી મળતા કુદરતી સંસાધનો વડે બનાવેલ શુદ્ધ ઓર્ગેનિક ઉત્પાદનો...

* બાથ સોલ્ટ
* વરીયાળી પાવડર
* દાડમ પાવડર
* અલગ-અલગ પ્રકારના 13 સાબુ
* નીમ-તુલસી-એલોવિરા શેમ્પુ
* આમળા-અરીઠા-શિકાકાઈ શેમ્પુ
* ડુંગળી હેર ઓઈલ
* દુધી હેર ઓઈલ
* ૩૨ જડીબુટ્ટી હેર ઓઈલ
* ગૌમાલા
* ચંદન ધુપ સ્ટીક
* દશાંગ ધુપ સ્ટીક
* હવન ધુપ સ્ટીક
* ગુગળ ધુપ સ્ટીક
* ગૌધન કેક
* બાથસ્ક્રબ પાવડર
* મોબાઈલ રેડીએશન ચિપ









## તમારી દરેક ખરીદી એ સેવા છે.

નોંધ : તમે ખરીદેલ પ્રોડક્ટનો 50% નફો ગૌમાતાને સમર્પિત રહેશે.

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો : મો. 73836 98598

સ્થળ : 11, શ્યામ કોમ્પ્લેક્ષ,
મામલતદાર ઓફીસ સામે, મહુવારોડ, સાવરકુંડલા

@SAVATSAOFFICIAL * WWW.SAVATSAENTERPRISE.COM

કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

# અમરેલી–સાવરકુંડલા નેશનલ હાઈવે બીજા દિવસે પણ બંધ, લાપાળિયા ગામે ટ્રકોની લાંબી કતારો



અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અમરેલી–સાવરકુંડલા નેશનલ હાઈવે પર વાહનવ્યવહાર સતત બીજા દિવસે પણ પ્રભાવિત રહ્યો છે. રવિવારે ભારે વરસાદના કારણે હાઈવે પર અવરજવર બંધ થઈ હતી, જ્યારે સોમવારે પણ લાપાળિયા ગામ નજીક માર્ગમાં ગાબડું પડતા નેશનલ હાઈવે વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવ્યો હતો.હાઈવે બંધ રહેવાના કારણે બંને તરફથી આવતા ભારે વાહનોને રોકી દેવામાં આવ્યા હતા. ખાસ કરીને લાપાળિયા ગામ નજીક ટ્રકોની લાંબી કતારો લાગી જતાં વાહનચાલકોને કલાકો સુધી રાહ જોવાનો વારો આવ્યો હતો. વરસાદને કારણે સર્જાયેલી આ સ્થિતિથી માલસામાનના પરિવહન ઉપરાંત સામાન્ય વાહનવ્યવહાર પણ અસરગ્રસ્ત બન્યો હતો.માર્ગ વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા નુકસાનગ્રસ્ત માર્ગના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

માર્ગ ફરીથી વાહનવ્યવહાર માટે સુરક્ષિત બને તે માટે તંત્ર દ્વારા જરૂરી કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે.દરમિયાન તંત્ર દ્વારા વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા તેમજ જરૂરી તકેદારી રાખીને મુસાફરી કરવાની અપીલ કરવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 06/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# કારીગરો જોઈએ છે...

## કોડી અને કાચવાળા બાંધણીના તોરણ ઘરેથી/દુકાને બેસી (2 થી 7) બનાવી શકે તેવા કારીગરોની જરૂર છે...

**સંપર્ક : ઈન્દુ પ્લાઝા, સાવરકુંડલા.**
**મો. 97265 06981**

કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

# સાવરકુંડલામાં વરસાદથી પાણીની લાઈન તૂટી: સાવરકુંડલા નગરપાલિકાએ ત્વરિત કાર્યવાહી કરી







સાવરકુંડલા પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. આ વરસાદના જોરદાર પ્રવાહને કારણે સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર 2માં પીવાના પાણીની મુખ્ય લાઈન તૂટી ગઈ હતી, જેના પરિણામે સ્થાનિક રહેવાસીઓને પાણી પુરવઠાની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો.સમસ્યાની જાણ થતાં જ નગરપાલિકાએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. નવી પીવાના પાણીની લાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વોર્ડ નંબર 2ના સભ્યો અરવિંદભાઈ મેવાડા, ભુપતભાઈ ચુડાસમા, પ્રતિકભાઈ નાકરાણી અને અજયભાઈ ખુમાણ સ્થળ પર હાજર રહીને સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને તેને ઝડપથી પૂર્ણ કરાવ્યું હતું.

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ક્રે.ડે. NEWS

તારીખ : 07/07/2026

# ભારતીય ક્રિકેટના 'કેપ્ટન કૂલ' મહેન્દ્ર સિંહ ધોની નો આજે જન્મદિવસ




વિશ્વ ક્રિકેટમાં પોતાની શાંત વિચારસરણી, અસાધારણ નેતૃત્વ ક્ષમતા અને મેચ ફિનિશ કરવાની આગવી કળા માટે જાણીતા ભારતના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની આજે 7 જુલાઈએ પોતાનો 45મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. વર્ષ 1981માં ઝારખંડના રાંચીમાં જન્મેલા ધોનીએ ભારતીય ક્રિકેટને અનેક ઐતિહાસિક સિદ્ધિઓ અપાવી છે અને વિશ્વના સૌથી સફળ કેપ્ટનોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાની હેઠળ ભારતે વર્ષ 2007નો ટી-20 વિશ્વકપ, વર્ષ 2011નો એકદિવસીય વિશ્વકપ અને વર્ષ 2013ની ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી.

વિશ્વ ક્રિકેટના ઈતિહાસમાં આ ત્રણેય આઈસીસી ટ્રોફી જીતનાર તેઓ એકમાત્ર કેપ્ટન તરીકે ઓળખાય છે. તેમની શાંત વિચારસરણીને કારણે ચાહકો તેમને પ્રેમથી "કેપ્ટન કૂલ" તરીકે સંબોધે છે.ધોની માત્ર સફળ કેપ્ટન જ નહીં, પરંતુ વિશ્વના શ્રેષ્ઠ વિકેટકીપર-બેટ્સમેન અને મેચ ફિનિશર તરીકે પણ જાણીતા રહ્યા છે.

મુશ્કેલ પરિસ્થિતિમાં પણ ધીરજપૂર્વક ટીમને જીત અપાવવાની તેમની ક્ષમતાએ લાખો ક્રિકેટપ્રેમીઓના દિલમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. તેમનો પ્રખ્યાત 'હેલિકોપ્ટર શોટ' આજે પણ ક્રિકેટપ્રેમીઓમાં લોકપ્રિય છે.

ભારત સરકાર દ્વારા તેમના રમતગમત ક્ષેત્રે આપેલા અમૂલ્ય યોગદાન બદલ પદ્મશ્રી, મેજર ધ્યાનચંદ ખેલ રત્ન અને પદ્મભૂષણ જેવા દેશના પ્રતિષ્ઠિત સન્માનોથી નવાજવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ પણ તેઓ ઈન્ડિયન પ્રીમિયર લીગ (I P L ) માં પોતાના અનુભવ અને નેતૃત્વથી યુવા ખેલાડીઓને પ્રેરણા આપી રહ્યા છે.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

SINCE 1923
KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 07/07/2026

# અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે ખોડિયાર અને ધાતરવડી-2ના દરવાજા ખુલ્લા, ધાતરવડી-1 અને સુરજવડી ઓવરફ્લો



અમરેલી જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને પગલે જિલ્લાના અનેક ડેમોમાં નવા નીરની આવક યથાવત રહેતા સતત બીજા દિવસે પાંચ ડેમોની સ્થિતિ ધ્યાન કેન્દ્રિત કરતી બની છે. જિલ્લાના ખોડિયાર, ધાતરવડી-2 અને રાયડી ડેમના દરવાજા ખુલ્લા રાખવામાં આવ્યા છે, જ્યારે ધાતરવડી-1 અને સુરજવડી ડેમ ઓવરફ્લો થઈ રહ્યા છે.પ્રાપ્ત માહિતી મુજબ, આજે ખોડિયાર ડેમના બે દરવાજા 0.16 મીટર સુધી ખુલ્લા રાખવામાં આવ્યા છે. ઉપરાંત ધાતરવડી-2 ડેમના ચાર દરવાજા પણ પાણી છોડવા માટે ખોલવામાં આવ્યા છે. બીજી તરફ ધાતરવડી-1 ડેમમાંથી અંદાજે 364 ક્યુસેક પાણી ઓવરફ્લો થઈ રહ્યું છે, જ્યારે સુરજવડી ડેમમાંથી આશરે 622.94 ક્યુસેક પાણી સતત વહેતું રહ્યું છે.સાવરકુંડલા તાલુકાના ગોરડકા અને લુવારા ગામ નજીક આવેલ સુરજવડી ડેમ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણીની અસર જોવા મળી હતી. ખાસ કરીને દોલતી અને ઘાંડલા ગામોમાં વરસાદી પાણી ગામમાં પ્રવેશતા સ્થાનિક તંત્ર દ્વારા સતર્કતા દાખવી લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યા હતા.સુરજવડી ડેમના ઓવરફ્લોને કારણે ઘાડલા, દોલતી, ગોરડકા, મેરિયાણા, ભમર, રામગઢ, જાબાળ સહિતના ગામોમાં વરસાદી પાણીની અસર નોંધાઈ છે. તંત્ર દ્વારા આ ગામોના નીચાણવાળા વિસ્તારો તેમજ નદી-નાળાના પટ અને કાંઠા વિસ્તારમાં અવરજવર ટાળવા તથા સંપૂર્ણ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.જિલ્લા વહીવટી તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂરી તકેદારીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. નાગરિકોને અફવાઓથી દૂર રહી તંત્રની સૂચનાઓનું પાલન કરવા તેમજ અનાવશ્યક જોખમ ન લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

# આજે વૈશ્વિક ક્ષમા દિવસ :

## ક્ષમા એ માનવતાનું સર્વોત્તમ આભૂષણ




દર વર્ષે 7 જુલાઈએ વૈશ્વિક ક્ષમા દિવસ (World Forgiveness Day) ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ વ્યક્તિગત જીવન, પરિવાર અને સમાજમાં ક્ષમા, કરુણા, સહિષ્ણુતા અને પરસ્પર સદભાવનાનો સંદેશ પ્રસરાવવાનો છે.ક્ષમા એ નબળાઈનું નહીં, પરંતુ આંતરિક શક્તિ, પરિપક્વતા અને મહાનતાનું પ્રતીક છે. મનમાં રહેલો ક્રોધ, દ્વેષ અને વેરભાવ છોડીને ક્ષમાનો માર્ગ અપનાવવાથી માનસિક શાંતિ, સારા સંબંધો અને સુખી જીવનનો માર્ગ સરળ બને છે. ક્ષમા માત્ર બીજાને જ નહીં, પરંતુ પોતાને પણ આંતરિક શાંતિ અને મુક્તિનો અનુભવ કરાવે છે.આ પ્રસંગે સમાજના તમામ લોકોને મતભેદો ભૂલી પ્રેમ, સ્નેહ, સહઅસ્તિત્વ અને માનવતાની ભાવના સાથે જીવન જીવવાનો સંકલ્પ લેવા અનુરોધ કરવામાં આવે છે. ક્ષમા, સંવાદ અને સદભાવના દ્વારા જ સુખી, સમૃદ્ધ અને સંસ્કારી સમાજનું નિર્માણ શક્ય બને છે."ક્ષમા એ સૌથી મોટી જીત છે, કારણ કે તે હૃદયોને જોડે છે અને સંબંધોને નવી દિશા આપે છે."


કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

# સાવરકુંડલા-લીલીયામાં ભારે વરસાદથી વ્યાપક નુકસાન: ધારાસભ્ય કસવાળાએ મુખ્યમંત્રીને તાત્કાલિક સહાય માટે રજૂઆત કરી



સાવરકુંડલા-લીલીયા પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદને કારણે વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિને પગલે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી તાત્કાલિક સહાયની માંગ કરી છે.વરસાદના કારણે ખેતી, પશુપાલન અને ગ્રામ્ય વિસ્તારોમાં મોટું નુકસાન થયું છે. ખાસ કરીને શેત્રુંજી નદીના કાંઠાના ગામોમાં ખેતરોમાં વાવેતર કરેલા પાકનું ધોવાણ થયું છે. પશુપાલકોના નીરણને પણ નુકસાન પહોંચ્યું છે.આ ઉપરાંત, અનેક ગામોમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરી પલળી ગઈ છે. જેના કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.ધારાસભ્ય મહેશ કસવાળાએ છેલ્લા બે દિવસ દરમિયાન અધિકારીઓ અને સ્થાનિક પદાધિકારીઓ સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે સ્થિતિનો તાગ મેળવીને મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો.પત્રમાં તેમણે અસરગ્રસ્ત ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોને તાત્કાલિક આર્થિક સહાય, નુકસાનનું ઝડપી સર્વેક્ષણ અને જરૂરી સહાય જાહેર કરવાની માંગ કરી છે. ધારાસભ્યએ પ્રભાવિત પરિવારોને વહેલી તકે યોગ્ય સહાય મળે તેવી વિનંતી કરી છે, જેથી તેઓ સામાન્ય જીવન તરફ પાછા ફરી શકે.



વિધાનસભા

ગુજરાત

મહેશ કસવાળા

જાવક ક્રમાંક : ATL/MLA/૨૯૩૪/૨૦૨૫

તા.૦૬-૦૭-૨૦૨૫

આદરણીય,
શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ,
માન.મુખ્યમંત્રીશ્રી(ગુજરાત રાજ્ય)
નવા સચિવાલય, ગાંધીનગર.

વિષય :- સાવરકુંડલા-લીલીયા તાલુકામાં તેમજ ઉપર વાસમાં પડેલ અતિ ભારે વરસાદને કારણે થયેલ નુકસાનનું સર્વે કરી તાત્કાલિક સહાય ચુકવવા બાબત...

વંદેમાતરમ્, કુશળ હશો.

જય ભારત સાથ જણાવવાનું કે, મારા મત વિસ્તારના સાવરકુંડલા-લીલીયા માં સતત બે દિવસ પ્રવાસ કરી અસરગ્રસ્ત ગામોની સ્થળ મુલાકાત લેતા પદાધિકારીઓ,ગ્રામજનો તરફથી ભારેથી અતિ ભારે વરસાદથી નુકસાનીની સર્વે કરી તાત્કાલિક ધોરણે સહાય ચૂકવા અંગેની રજુઆતો મળેલ છે.જેમાં ખાસ કરી શેત્રુંજી નદીના પુરના કારણે જુના સાવર,લીલીયા તાલુકાના શેત્રુંજી કાંઠાના ગામોમાં ખુબજ મોટા પ્રમાણમાં નીચેની વિગતે નુકસાન થયેલ છે.

૧.તારીખ.૪/૭/૨૦૨૫ થી આજદિન સુધીમાં અતિ ભારે વરસાદ ના કારણે તેમજ ઉપરવાસમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ પડવાના કારણે ખેડૂતોની ખેતીની જમીનમાં ખુબજ મોટા પ્રમાણમાં નુકસાન થયેલ છે.જેનું તાત્કાલિક સર્વે કરાવી સરકારશ્રીના નિયમો મુજબ સહાય ચુકવવા ની કાર્યવાહી કરવી.

૨. આ વરસાદના કારણે રહેણાંક વિસ્તાર (ગામ) માં પાણી આવી જતા ઘર વખરીનું પણ મોટા પ્રમાણમાં નુકસાન થયેલ છે તેનું પણ તાત્કાલિક સર્વે કરી કેસ ડોલ્સ તેમજ નુકસાનીની સહાય ચુકવવા માટેની કાર્યવાહી વિનંતી

૩.ભારે થી અતિ ભારે વરસાદને કારણે પશુપાલકોની ઘાસચારા ને નુકસાન થતા માલઢોર ને બચાવવા ખુબજ અતિ આવશ્યક જણાય છે તેથી અસરગ્રસ્ત ગામો માં તાત્કાલિક ધોરણે ઘાસચારાનું વિતરણ કરવું ખુબજ આવશ્યક જણાય છે.

ઉપરોક્ત વિગતે અમારા પ્રવાસ દરમ્યાનની જાત તપાસ તેમજ લોકો તરફથી મળેલ રજુઆતો મુજબ આ વરસાદને કારણે નુકસાનમાં ખેતરોનું ધોવાણ અને ઘરવખરી સામને ને થયેલ નુકસાન અને પશુપાલકો માટે ઘાસચારાની સરકારશ્રીના નિયમોની જોગવાઈ મુજબ તાત્કાલિક સહાય ચુકવવા માટેની કાર્યવાહી કરવા વિનંતી..

આપનો સ્નેહાધીન

(મહેશ કસવાળા)

પ્રકાશ પ્રિન્ટર્સ

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ
# સાથે પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ**
**(આપની ચોઈસની)**

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્સશીપ લીધેલ)
આકર્ષક ભેટ આપવામાં આવશે.

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ
મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને

# PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

# સાવરકુંડલા ના સાર્વજનિક દવાખાનામાં આવતી કાલે રાહતદરે હોમિયોપેથીક સારવાર કેમ્પ યોજાશે...




સાવરકુંડલાના વેદકીય રાહત મંડળ સંચાલિત શેઠ શેરી ખાતે આવેલા સાર્વજનિક દવાખાનામાં રાહત દરે દાંતના રોગોની સારવાર કરવામાં આવી રહી છે જયારે જૂના અને હઠીલા રોગો ની સારવાર માટે દર મહિને એક દિવસ હોમિયોપેથિક કેમ્પ પણ શરૂ કરવામાં આવ્યો છે  આ વિભાગમાં દર મહિને એક દિવસ રાજકોટ થી હોમિયોપેથિક કન્સલ્ટન્ટ ડોક્ટર અમી પાંધી રાહત દરે સેવા પૂરી પાડે છે, આ હોમિયોપેથીક કેમ્પ આવતી કાલે તા.૯ /૭/ ને ગુરુવારે યોજાશે જેમાં જુના હઠીલા દર્દો ,ચામડીના દર્દો, એલર્જી થી થતા દર્દો, શ્વસનતંત્ર ને લગતા દર્દો, માનસિક દર્દો ,મહિલાઓને લગતા દર્દો ,એસિડિટી, કપાસી વગેરે દર્દોની આડઅસર  રહિત અક્સીર સારવાર કરવામાં આવશે નવા કેસ સવારે લેવા માં આવશે અને જૂના દર્દીઓએ બપોર બાદ આ કેમ્પનો લાભ લેવા સાર્વજનીક દવાખાના ની યાદીમાં જણાવાયું છે.

તારીખ : 07/07/2026

# અમરેલી જિલ્લામાં વરસાદની સ્થિતિને લઈને જિલ્લા પ્રભારીમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ






અમરેલી તા. ૦૭ જુલાઈ, ૨૦૨૬ (મંગળવાર)- જિલ્લામાં વરસાદની સ્થિતિને લઈને આજરોજ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા પ્રભારી અને કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય સર્વશ્રી જે.વી.કાકડીયા, શ્રી હિરાભાઈ સોલંકી, શ્રી મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દક્ષાબેન ચોડવડીયા, જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ સહિત પદાધિકારીશ્રીઓ- અધિકારીશ્રીઓ જોડાયા હતા. જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન થયેલ વરસાદની સ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા સતત અને અવિરત વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ધારી, ચલાલા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા, લીલીયા વિસ્તારમાં વધુ વરસાદ નોંધાયો છે. પાણી ભરાવાની સ્થિતિમાં અત્યારસુધીમાં લીલીયા તાલુકાના બવાડી ગામે કુલ ૮ લોકો જે ફસાયેલ હતા, તેમનું રેસ્ક્યુ સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. ધારીના મીઠાપુર, ડુંગરી, ચલાલામાં ૧૦ જેટલા લોકો તથા કથીવદર મુકામે ૧૨ લોકો ફસાયા હતા, તેમનું પણ રેસ્કયુ કરીને તેમને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવામાં આવ્યા હતા. એન.ડી.આર.એફ અને ફાયર વિભાગ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. અત્યારસુધીમાં જિલ્લામાં કુલ ૦૨ માનવમૃત્યુ અને ૦૪ પશુ મૃત્યુના બનાવ બન્યા છે. ઉપરાંત વરસાદની સ્થિતિના પગલે કુલ ૧૨ કાચા મકાનોને નુકશાન પહોંચ્યુ છે. જિલ્લામાં તા. ૦૫ જુલાઈના રોજ થયેલ વરસાદની સ્થિતિના પગલે માર્ગ અને મકાન રાજ્ય હસ્તકના કુલ ૧૨ રોડ બંધ થયેલ હતા. જેમાંથી હાલ ઓવરટેપિંગના કારણે ચાંચ-ખેરા-પટવા-સમઢિયાળા એક જ રોડ બંધ છે. ઉપરાંત તા. ૦૬ જુલાઈના રોજ પડેલ વરસાદના કારણે કુલ ૦૫ રસ્તા બંધ થયેલ હતા. જેમાંથી ૦૨ રોડ પૂર્વવત શરૂ થયા છે. આજની સ્થિતિએ હવે કુલ ૦૬ રોડ બંધ છે. જેમાં કાતર કોટડી અગરિયા રોડ, ચાંચ-ખેરા-પટવા-સમઢિયાળા, ચલાલા-ગરમલી-ચરખા રોડ, બાબરા-દરેડ-નાની કુંડળ રોડ, સેલના ફિફાદ-લુવારા-શેત્રુંજી બ્રિજ, લાઠી-લીલીયા રોડ બંધ છે. ઉપરાંત વરસાદના કારણે નુકશાન થયેલ રોડ-રસ્તાની મરામતની કામગીરી પૂરજોશમાં શરૂ છે. હાલ કુલ ૧૦ ટીમ વિવિધ તાલુકામાં સતત કાર્યરત છે અને કામગીરી આગળ ધપી રહી છે. વરસાદની સ્થિતિના પગલે માર્ગ અને મકાન પંચાયત હસ્તકના વિવિધ રોડ રસ્તા જે બંધ થયેલ છે તેને પૂર્વવત કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સાથે મરામત યોગ્ય રસ્તાઓની મરામતની કામગીરી પણ ઝડપભેર કરવામાં આવશે. પ્રભારી મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, સમગ્ર જિલ્લામાં વરસાદની સ્થિતિના પગલે ક્ષતિગ્રસ્ત માર્ગોનું મરામત કાર્ય ઝડપથી થાય તે બાબતે સંકલન સાથે કામગીરી કરવામાં આવે અને કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે. ઉપરાંત લોકોને ઓછામાં ઓછી મુશ્કેલીનો સામનો કરવો પડે તે પ્રકારે મદદ કરવાની ભાવના સાથે આપત્તિ વ્યવસ્થાપન પ્રક્રિયા આગળ વધારવામાં આવે. મંત્રીશ્રીએ સમગ્ર જિલ્લાની સ્થિતિનો તાગ મેળવ્યો હતો અને દરેક બાબતે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચનાઓ આપી હતી. સર્વ ધારાસભ્યશ્રીઓ, સ્થાનિક પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ સહિત સમગ્ર ટીમ એક થઈને આપત્તિ વ્યવસ્થાપન કામગીરી ઝડપભેર આગળ વધારી રહી છે, જેના માટે અભિનંદન પણ પાઠવ્યા હતા. ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, રાજુલા-જાફરાબાદ સહિતના વિસ્તારોમાં જ્યાંપણ વરસાદના કારણે વીજપોલ ધરાશાયી થયા છે તેને ત્વરાએ પુન: કાર્યરત કરીને વીજ પુરવઠો જલ્દીથી પૂર્વવત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં જળસિંચન વિભાગ હેઠળ કુલ ૧૦ સિંચાઈ યોજનાઓ-ડેમ કાર્યરત છે. જેમાં વરસાદના કારણે પાણીની આવક વધતા ડેમનું રૂલ લેવલ, ઓવરફ્લો સહિતની સૂચનાઓ ત્વરિત પાસ કરવામાં આવી હતી અને અસરગ્રસ્ત ગામોને પણ અગાઉથી જ સચેત કરવામાં આવ્યા હતા. સાથે તમામ ડેમ સાઈટ ઉપર રાઉન્ડ ધ ક્લોક મોનિટરિંગની કામગીરી પણ કરવામાં આવી રહી છે. હાલમાં આજની સ્થિતિએ ધાતરવડી -૧ ડેમ ૨.૫ ફૂટ ઓવરફ્લો, ખોડીયાર - ૨ દરવાજા ૦.૫ ફૂટ, ઠેબી ૬ દરવાજા 3 ફૂટ, રાયડી ૧ દરવાજો ૧ ઈંચ, સુરજવડી ૧ ફૂટ ઓવરફ્લો, ધાતરવડી-૨ ૧૦ દરવાજા ૨ ફૂટ સુધી ખુલ્લા છે. સિંચાઈ યોજના-ડેમના રૂલ લેવલ જાળવવામાં માટેની કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં તમામ ડેમ સલામત છે. જિલ્લામાં વરસાદની સ્થિતિને લઈને જિલ્લા પ્રભારીમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં યોજાયેલ વર્ચ્યુઅલ સમીક્ષા બેઠકમાં સર્વ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સહિતના હોદ્દેદારો, તાલુકા પંચાયત હોદ્દેદારો, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે.જે.જાડેજા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, નિવાસી અધિક કલેક્ટરશ્રી ગોહિલ, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટરશ્રી હર્ષિતા ગોયલ, અમરેલી પ્રાંત અધિકારીશ્રી નાકીયા, માર્ગ અને મકાન રાજ્ય અમરેલીના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી હેતત્સવ ધોલાવાલા, માર્ગ અને મકાન પંચાયતના અધિકારીશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સહિતના અધિકારીશ્રીઓ તથા જિલ્લાના સર્વ પ્રાંત અધિકારીશ્રીઓ-મામલતદારશ્રીઓ વર્ચ્યુઅલી જોડાયા હતા.

તારીખ : 07/07/2026

# જિલ્લાની તમામ કોર્ટમાં તા.૧૧ જુલાઈના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

અમરેલી, તા.૦૭ જુલાઈ,૨૦૨૬ (મંગળવાર) - અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ચેરમેન અને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત તેમજ જિલ્લાની દરેક તાલુકાની કોર્ટમાં તા.૧૧ જુલાઈ,૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે. આ લોક અદાલતનો મહત્તમ પક્ષકારો લાભ લઈ શકે તે માટે ગુજરાત રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષકશ્રી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવ સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસશ્રી દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિને જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. મોટર અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા, ચેક પરતને લાગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિકને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર જેવા તમામ પ્રકારના કે, રાજ્યના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર હોય તેવા કેસ સમાધાન માટે આ લોક અદાલતમાં મૂકી શકાશે. આ તકનો લાભ લેવા નજીકની તાલુકા, જિલ્લા કે હાઈકોર્ટમાં કાનૂની સેવા સત્તા મંડળનો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો, કાનૂની સેવા સત્તા મંડળની વેબસાઈટની મુલાકાત કરવી, તેમ અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

# કાનૂની જાગૃતિ અને સાક્ષરતા પર આધારિત વિશેષ પુસ્તક ‘કાયદાનો કક્કો’ નું ભવ્ય વિમોચન

અમરેલી તા. ૦૭ જુલાઈ, ૨૦૨૬ (મંગળવાર)

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જિલ્લાના તમામ ન્યાયાધીશશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં કાનૂની જાગૃતિ અને સાક્ષરતા પર આધારિત વિશેષ પુસ્તક ‘કાયદાનો કક્કો’નું ભવ્ય વિમોચન કરવામાં આવ્યું હતું. છેવાડાના માનવીને કાયદાનું સરળ જ્ઞાન મળી રહે તેવા ઉમદા હેતુથી તૈયાર કરાયેલા આ પુસ્તકનું વિમોચન પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ અને ચેરમેન સુશ્રી રીઝવાના બુખારી, એડીશનલ ડિસ્ટ્રીક્ટ જજ શ્રી એસ. એસ. સોઢી, શ્રી ડી.સી.ત્રિવેદી, શ્રી એસ.સી.ગાંધી, શ્રી એમ.એમ. પરમાર, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ શ્રી પ્રખર શર્મા તેમજ ‘અવધ ટાઈમ્સ’ ના તંત્રી શ્રી વિજયભાઈ ચૌહાણના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર જિલ્લાના જજશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય રીતે કાયદાની ભાષા અને કાનૂની પ્રક્રિયાઓ અટપટી હોવાથી સામાન્ય નાગરિકો માટે તેને સમજવી અઘરી બની જાય છે, જે મુશ્કેલીને દૂર કરવા અને કાનૂની જાગૃતિને ઘર-ઘર સુધી પહોંચાડવા માટે એક વર્ષ પહેલાં સ્થાનિક અખબાર ‘અવધ ટાઈમ્સ’ માં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી દ્વારા ‘કાયદાનો કક્કો’ નામની વિશેષ કોલમ શરૂ કરવામાં આવી હતી. આ કોલમ અંતર્ગત પ્રકાશિત થયેલા ૨૭ જેટલા અત્યંત ઉપયોગી કાનૂની લેખોનું સુંદર સંકલન કરીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં નાલસાની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, મફત કાનૂની સહાય મેળવવાની પ્રક્રિયાઓ તથા રોજના જીવનમાં ઉપયોગી વિવિધ કાયદાઓને અતંયત સરળ અને સમજાય તેવી ગુજરાતી ભાષામાં ઉતારવામાં આવ્યા છે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ અને ચેરમેન સુશ્રી રીઝવાના બુખારીએ વિમોચન પ્રસંગે સંબોધન કરતાં કહ્યું હતું કે, "કાયદાનો કક્કો" માત્ર એક પુસ્તક નહીં, પરંતુ સામાન્ય નાગરિકો માટે એક ‘માર્ગદર્શિકા’ છે. કાનૂની અજ્ઞાનતાના કારણે ઘણા લોકો પોતાના હકોથી વંચિત રહી જાય છે. આ પુસ્તકના માધ્યમથી લોકો પોતાના અધિકારો અને ફરજો પ્રત્યે સભાન બનશે. લાંબાગાળે આ પ્રયાસથી સમાજમાં કાનૂની સાક્ષરતા વધશે. આ પુસ્તક પી.એલ.વી, લીગલ એઈડ એડવોકેટ, સામાજિક કાર્યકરો, કાયદાના વિદ્યાર્થીઓ અને ગ્રામીણ જનતા માટે એક દીવાદાંડી સમાન સાબિત થશે તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 07/07/2026

# સાવરકુંડલા તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા : તા. ૨૧ જુલાઈ,૨૦૨૬ સુધીમાં અરજી કરવી

અમરેલી તા.૦૭ જુલાઈ, ૨૦૨૬ (મંગળવાર) સાવરકુંડલા તાલુકાના ધાર પ્રાથમિક શાળા અને ધજડીપરા પ્રાથમિક શાળા ખાતે મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલકની આવશ્યકતા છે. આ માટે તા.૨૧.૦૭.૨૦૨૬ સુધીમાં અરજી કરવી. ઉંમર ઓછામાં ઓછા ૨૦ વર્ષ પૂર્ણ થયા હોય અને ૬૦ વર્ષથી ઓછી હોય તેવા લાયક ઉમેદવાર અરજી કરી શકશે. સરકારના નિયમોનુસાર માનદ વેતન મળવાપાત્ર છે. નિયત અરજી પત્રક તા. ૧૮.૦૭.૨૦૨૬ સુધી કચેરીના સમય દરમિયાન સાવરકુંડલા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખા ખાતેથી મળી શકશે. અરજી ફોર્મ ભરીને આધાર-પુરાવા સાથે તા. ૨૧.૦૭.૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રી શાખા-મામલતદાર કચેરી, સાવરકુંડલા ખાતે પહોંચાડવાનું રહેશે તેમ સાવરકુંડલા તાલુકા મામલતદારશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 07/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 07/07/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"ઉત્તમ એવા માનવજીવનને જો આપણે સફળ બનાવતા રહેવા માગીએ છીએ તો બે કામ આપણે ખાસ કરતા રહેવા જેવા છે.બંધ રહેલ અત્તરની બાટલી જેવા સદ્ગુણોને ખોલતા જ રહેવું અને ખુલ્લી રહી ગયેલ ગટર જેવા દુર્ગુણોને ઢાંકતા જ રહેવું. સુવાસની માત્રા વધતી જશે. દુર્ગંધની માત્રા ઘટતી જશે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 07/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3446**
**07/07/2026**
**Tuesday**

## आत्मा

रात गयी बात गयी वाला सिद्धान्त का पालन करने से ही "चित्त" शुद्ध होता है।

बाबा स्वामी
7/7/2026




'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 07/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**શિક્ષક:** "જેને જવાબ આવડે એ જ હાથ ઊંચો કરે."બધા ચૂપ...એક વિદ્યાર્થીએ હાથ ઊંચો કર્યો.શિક્ષક: "બોલ, જવાબ શું છે?"
વિદ્યાર્થી: "સર, મને તો જવાબ નથી આવડતો... પણ તમને એકલાને ઊભા જોઈને ખરાબ લાગ્યું એટલે ..

**શિક્ષક:** "હોમવર્ક કેમ નથી કર્યું?"
વિદ્યાર્થી: "સર, ગઈ કાલે વીજળી નહોતી."
શિક્ષક: "પણ હોમવર્ક તો લખવાનું હતું!"
વિદ્યાર્થી: "એટલે જ તો... અંધારામાં મારી બુદ્ધિ પણ બંધ થઈ ગઈ!" ......

**શિક્ષક:** "જીવનમાં સૌથી મોટો ગુરુ કોણ?"
વિદ્યાર્થી: "સર, પરીક્ષા!"શિક્ષક: "એ કેવી રીતે?"
વિદ્યાર્થી: "એક જ દિવસમાં આખા વર્ષની ભૂલો સમજાવી દે!"

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 07/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 7 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૭૯૯ – મહારાજા રણજીતસિંહ (Ranjit Singh)ના સૈન્યએ લાહોરને ઘેરાબંદી કરી.

૧૯૭૮ – સોલોમન ટાપુઓ યુનાઈટેડ કિંગડમથી સ્વતંત્ર થયા.

૧૯૮૫ – બોરિસ બેકર ૧૭ વર્ષની ઉંમરે વિમ્બલ્ડન જીતનારો અત્યાર સુધીનો સૌથી યુવા ખેલાડી બન્યો.

**જન્મ**

૧૬૫૬ – ગુરુ હરકિશન, શીખ ધર્મના ૮મા ગુરુ (અ. ૧૬૬૪)

૧૮૫૯ – રેટ્ટામલાઈ શ્રીનિવાસન, ભારતીય રાજકારણી,ભારતમાં અનુસૂચિત જાતિ આંદોલનના પ્રણેતા (અ. ૧૯૧૧)

૧૮૬૦ – આર. શ્રીનિવાસન, અનુસૂચિત જાતિના કાર્યકર અને બ્રિટિશ ભારતના તત્કાલીન મદ્રાસ પ્રેસિડેન્સી (વર્તમાન તમિલનાડુ)ના રાજકારણી (અ. ૧૯૪૫)

૧૮૮૩ – ચંદ્રધર શર્મા 'ગુલેરી', હિન્દી વાર્તાકાર, વ્યંગકાર અને નિબંધકાર (અ. ૧૯૨૨)

૧૯૧૪ – અનિલ વિશ્વાસ, ભારતીય ફિલ્મ સંગીત નિર્દેશક અને પાર્શ્વ ગાયક (અ. ૨003)

૧૯૩૪ – કેદારનાથ સિંહ, હિન્દી ભાષાના કવિ (અ. ૨૦૧૮)

૧૯૪૭ – જ્ઞાનેન્દ્ર, નેપાળના રાજા

૧૯૮૧ – મહેન્દ્ર સિંઘ ધોની, ભારતીય ક્રિકેટર

**અવસાન**

૧૯૮૨ – ભક્તિ હૃદયવન, (Bhakti Hridaya Bon) ભારતીય આધ્યાતિમક ગુરુ અને ધાર્મિક લેખક (જ. ૧૯૦૧)

૧૯૯૯ – કેપ્ટન વિક્રમ બત્રા, ભારતીય સૈન્ય અધિકારી, પરમવીર ચક્ર વિજેતા (જ. ૧૯૭૪)

૨૦૨૧ – દિલીપ કુમાર, હિન્દી ફિલ્મ અભિનેતા (જ. ૧૯૨૨)

**તહેવારો અને ઉજવણીઓ**

વિશ્વ ચોકલેટ દિવસ

તારીખ : 07/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




# હોલસેલ ભાવે

## નાની-મોટી

# ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

# રફ ચોપડા



તેમજ

લખવા માટેની

# કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 07/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 07/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

52K

34K

100K

સંપર્ક : મો. 94997 97973